# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૬/ક્વા-૨/૧૯-૨૦/૭૭૭૫–૨** **તા.૨૭–૧૧–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૬/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **ભુપેન્દ્રભાઈ અમૃતલાલ શાહ** ગામ: **રોણકી**
રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે જીજ્ઞેશ દિનેશભાઈ જારીયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ ગ્રામ્ય**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી એલ.કે.**પરમાર** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ ગ્રામ્ય**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૯-૧૧-૨૦૧૯ ( મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૯-૧૧-૨૦૧૯ ( મંગળવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર ભુપેન્દ્રભાઈ અમૃતલાલ શાહ ગામ -રોણકી, તેઓની અરજીના નોંધણી નં: ૫૬/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે**, તેઓ ગ્રાહક નં. – ૮૯૭૪૯ / ૦૦૭૫૫ / ૭ થી વીજજોડાણ ધરાવે છે, જેમાં વોલ્ટેજ ડ્રોપ ની સમસ્યા બાબતે – પીજીવીસીએલ ની કચેરીતેમજ ઓનલાઈન ફરીયાદ કરેલ છે. તેમજ, ઘર ની અંદર નુ વાયરીંગ ચેક કરાવેલ – જેમા કોઈપણ ફોલ્ટ જણાયેલ નથી. પીજીવીસીએલ દ્રારા જણાવેલ કે ટ્રાન્સફોર્મરમાં ક્ષતિ હોય – જેથી, ચેક કરવા માટે અન્યથા અલગથી બીજા ટ્રાન્સફોર્મર માથી – વીજજોડાણ આપવા રજુઆત કરેલ છે, જેથી, તેઓના વીજ ઉપકરણો વારંવાર ખરાબ થવાના કે બળી જવાના – પ્રશ્નો હલ કરવા – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે -પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે - અરજદાર ના સ્થળ પર વોલ્ટેજ ડ્રોપ ની ફરિયાદનાં અનુસંધાને જણાવવાનું કે સદર ગ્રાહકના 3 ફેઇઝ નાં વિજ જોડાણ કે જેના મીટર નં ૨૧૯૬૦૯ છે અને તા.૧૧.૦૮.૨૦૧૯ નાં રોજ ગ્રાહકની અરજીના અનુસંધાને વિજ ટ્રાન્સફોર્મર બદલાવેલ છે વિજ ટ્રાન્સફોર્મર બદલાવ્યા બાદ સદર ગ્રાહકના વિજ જોડાણનાં 3 ફેઇઝ વિજ મીટરમાં વોલ્ટેજ ચેક કરતા આર - વાય - બી એમ ત્રણેય ફેઇઝમાં અનુક્રમે ૨૪૨, ૨૪૮,૨૫૨ વોલ્ટેજ માલુમ પડે છે.

3.૧ ફોરમ કમિટી મીટીંગ તા.૧૯–૧૧–૧૯ દરમ્યાન પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવાયેલ કે – અરજદાર નુ સદર વીજજોડાણ અગાઉ ૧૧ કેવી સી.બી.આઈ. ફીડરમાથી અપાયેલ હતુ. ત્યારબાદ, અરજદારને સતત ગુણવતાસભર પાવર સપ્લાય મળી રહે તે માટે નવુ ફીડર શીતવન જે.જી.વાય. તા.૦૯–૦૯–૧૯ થી બનતા અરજદાર નુ સદર વીજજોડાણ – શીતવન જે.જી.વાય. ફીડર માથી અપાયેલ છે. અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.0 અને પેરા નં 3.0 જણાવ્યા મુજબ- અરજદારની લેખિત રજૂઆત – અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારને સતત ગુણવતાસભર પાવર સપ્લાય મળી રહે તે માટે તારીખ ૧૧–૦૮–૧૯ ના રોજ ૬૩ કેવીએનુ ટ્રાન્સફોર્મર બદલાવેલ છે, આમ – ટ્રાન્સફોર્મર રીપ્લેસમેન્ટ કર્યા બાદ ત્રણેય ફેઇઝ મા – ફેઇઝ અને ન્યુટ્રલ વચ્ચે વીજભાર ની માપણી કરતા – અનુક્રમે – ૨૪૨ વોલ્ટ – ૨૪૮ વોલ્ટ – ૨૪૨ વોલ્ટ માલુમ પડેલ છે. આમ – વોલ્ટેજ ડ્રોપ ની સમસ્યા દુર કરાયેલ છે. તેમજ નવો ૧૧ કેવી શીતવન જે.જી.વાય. ફીડર તા.૦૯–૦૯–૧૯ થી બનતા અરજદાર ને પાવર સપ્લાય ૧૧ કેવી શીતવન જે.જી.વાય. ફીડર માથી અપાયેલ હોય – અરજદાર ની ફરીયાદનુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી) — સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ) — ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯